જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૧/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૭૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૧	૧	૧૧૭૧૨	૧૭૮૨૧	૧	૧૭૮૨૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૦	૦	૧૨૦	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૫૬૯	૪૨	૭૩૬૧૧	૭૪૬૪૩	૩૮	૭૪૬૮૧
કુલ		૯૦૧૩૩	૪૩	૯૦૧૭૬	૯૯૧૪૩	૩૯	૯૯૧૮૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૫૪	૩,૮૪,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૪૫	૩,૪૫,૦૦૦/-

છેતરપીંડીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

સાબરમતી પોલીસ સ્ટેશનના છેતરપીંડી અને વિશ્વાસઘાતના વણશોધાયેલ ગુનાના આરોપીને છેતરપીંડીથી મેળવેલ રોકડા રૂપિયા ૪૦,૦૦૦/- સાથે પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૪ સાહેબ નાઓની સુચના તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "જી" ડીવીઝન સાહેબ તથા ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટરશ્રી કે.ડી.જાડેજા સા. મેઘાણીનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઈન્સ. વી.એ.હરકટ તથા એ.એસ.આઇ. રમેશકુમાર વશરામભાઇ બ.નં.૭૮૫૪ તથા એ.એસ.આઇ સાગરભાઇ ખુમાભાઇ બ.નં.૫૨૦૦ તથા અનાર્મ પો.કો. નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૫૦૬૩ તથા અનાર્મ પો.કો. ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ તથા અનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ બ.નં.૧૪૮૦ તથા અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ તથા અનાર્મ લોકરક્ષક પાર્થ ધર્મેન્દ્રકુમાર બ.નં.૧૧૬૪૮ અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમા શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ તથા મિલ્કત સબંધી ગુનાઓ શોધવા સારૂ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.સબ.ઈન્સ. વી.એ.હરકટ તથા અનાર્મ પો.કો. ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ તથા અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ નાઓની સયુક્ત બાતમી હકીકત આધારે આરોપી મહમંદસિરાજ ફજલમહમંદ જાતે ઘાંચી (મેમણ) ઉ.વ-૨૦ (જન્મ તા:-૦૫/૦૪/૨૦૦૧) રહેવાસી-હાલમા મુસ્લીમ સમાજની વાડી ત્રણ દરવાજા પાસે કારંજ અમદાવાદ શહેર મુળ વતન-ગામ સવાલા તા:-વિસનગર જેલ્લો:-મહેસાણા નાઓને તા- ૧૩/૧૧/૨૦૨૧ ના કલાક ૨૩/૦૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(આઇ),૧૦૨ મુજબ પકડી સાબરમતી પોલીસ સ્ટેશન ગુ.ર.નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૯૨૧૨૧૧૩/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૪૦૬,૪૨૦ મુજબના વણશોધાયેલ ગુનાના આરોપીને છેતરપીંડીથી મેળવેલ રોકડા રૂપિયા ૪૦,૦૦૦/- સાથે શોધી પકડી પાડી સારી તેમજ પ્રશંસનિય કામગીરી કરેલ છે.

આરોપીનું નામ સરનામુ:-

મહમંદસિરાજ ફજલમહમંદ જાતે ઘાંચી (મેમણ) ઉવ-૨૦ (જન્મ તા:-૦૫/૦૪/૨૦૦૧) રહેવાસી-હાલમા મુસ્લીમ સમાજની વાડી ત્રણ દરવાજા પાસે કારંજ અમદાવાદ શહેર મુળ વતન-ગામ સવાલા તા:-વિસનગર જેલ્લો:-મહેસાણા

આરોપી પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલ:-

રોકડા રૂપિયા ૪૦,૦૦૦/-

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી :-

(૧) પો.સ.ઈ વી.એ.હરકટ (૨) એ.એસ.આઇ. રમેશકુમાર વશરામભાઇ બ.નં.૭૮૫૪ તથા (૩) એ.એસ.આઇ સાગરભાઇ ખુમાભાઇ બ.નં.૫૨૦૦ તથા (૪) અનાર્મ પો.કો. નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૫૦૬૩ તથા (૫) અનાર્મ પો.કો. ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ તથા (૬) અનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ બ.નં.૧૪૮૦ તથા (૭) અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ તથા (૮) અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ (૯) અનાર્મ લોકરક્ષક પાર્થ ધર્મેન્દ્રકુમાર બ.નં.૧૧૬૪૮



શરીર સંબંધી ગુનામા સંડોવાયેલ ઇસમને પકડી હદપાર કરતી શાહપુર પોલીસ

શાહપુર પોલીસ સ્ટેશન

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મીલકત/શરીર સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ ફસ્ટ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી શાહપુર પોલીસ સ્ટેશન નાઓની સુચના આધારે શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા પ્રકારના ગુનાઓ આચરતા ઇસમ નામે લીયાકત મુસાભાઇ નાગોરી ઉવધંધો ૪૧--નોકરી રહે૧૫૯૫ .નં.મ-, હમજાવાડ જગદીશકોલોની પાસે નાગોરીવાડ શાહપુર અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધ દાખલ થયેલ ગુનાહિત રેકર્ડ એકત્રિત કરી સદરી આરોપી વિરૂધ્ધ તડીપાર દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની કચેરી ખાતે મોકલી આપતા મદદનીશ પોલીસ કમિશનરશ્રી "એમ" ડીવીઝન અમદાવાદ શહેર કચેરી ખાતે ચાલી જતા તેઓ સાહેબશ્રીની કચેરીના પત્ર ક્રમાંક-એમ/ડીવી/હદપ/૨૮૨૮/૨૧ તા.૨૯/૧૦/૨૧ ના હુકમ આધારે અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, ખેડા તથા મહેસાણા જીલ્લા માંથી બે વર્ષ માટે તડીપાર કરેલ હોય જેથી સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત નાઓએ તા.૧૧/૧૧/૨૦૨૧ ના ક.૧૨/૩૦ વાગે હુકમની બજવણી કરી સદરી ઇસમને યોગ્ય જાપ્તા સાથે ભરૂચ ખાતે તેના સગાના ઘરે મોકલી આપેલ છે. તા.૧૩/૧૩/૨૦૨૧

સારી કામગીરી કરનાર ટીમ

(૧) પો.સ.ઈ. એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડ ટીમ (૨) મ.સ.ઇ વિરભદ્રસિહ વિજયસિહ બ.નં.૮૧૫૫ (૩) અ.હે.કો. જેરામભાઇ વાલજીભાઈ બ.નં.૪૫૪૮ (૪) પો.કો. શક્તિસિંહ ગોવિંદસિંહ બ.નં.૭૧૩૪



પાસા અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૩૦૬/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબ (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૧૩૯/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબ (૩)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૩૯૨/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૮૧,૧૧૬(બી) (૪)કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૧૫૦૬/૨૦૨૧ ધી પ્રોહી કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૬૨૬/૨૦૨૦ તા.૧૩/૧૧/૨૦૨૦ ના હુકમ આધારે તા.૧૩/૧૧/૨૦૨૦ ના કલાકઃ૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીનું નામ:- દિલીપભાઇ ઉર્ફે ટકલો સ/ઓ જીતેન્દ્રભાઇ રઘુનાથ જાતે સોનકર રહે.મ.નં.૩૪/૧,ભવાની ચોક વંશ સ્ટુડીયોની સામેની ગલીમાં ઠક્કરનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ રમણભાઇ કરણનભાઇ બ.નં.૭૭૫૨ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૦૭૩/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૨૩૪ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૫૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી ૨૬,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૦૭૪/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>ઘરફોડઃ</u>- **<u>સમાચાર યાદી નં.૨૦૭૫/૨૦૨૧</u>**

ચાંદખેડાઃ રમેશભાઈ હરસિંગ ડામોર (રહે. દ્વારકેશ હાઇટસ આગમન હાઈટસ સામે ટી.પી.-૪૪ ચાંદખેડા) એ તા.૧૩/૧૧/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૨૧ કલાક ૭/૩૦ થી તા.૦૮/૧૧/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળની કાચની સ્લાઇડર બારી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

<u>લુંટઃ</u>- **<u>સમાચાર યાદી નં.૨૦૭૬/૨૦૨૧</u>**

વેજલપુરઃ મીહીર ભરતભાઈ જોષી (ઉ.વ.૪૧) (રહે. સિલ્વર સ્ક્વેર એપાર્ટમેન્ટ ગદા સર્કલ પાસે હરણી રોડ બરોડા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે શટલ ઓટોરિક્ષામાં બેસી જુહાપુરા સોનલ ચાર રસ્તા આગળ ખુરશીદપાર્ક સોસાયટીના ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ રિક્ષા ચાલકની મદદગારીથી છરી વડે હુમલો કરી મીહીર જોષીને ઈજા પહોચાડી તેમની પાસેથી ડેલ કંપનીનુ લેપટોપ, હેડફોન, લેપટોપ ચાર્જર, મોબાઈલ ચાર્જર, પાવરબેન્ક, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨૯,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.દેસાઇ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૦૭૭/૨૦૨૧**

નવરંગપુરાઃ પાલડી જલારામ મંદીર રેલવે ક્રોસિંગ પાસે પતરાના છપરામાં રહેતા અને નવરંગપુરા રેલ્વે ક્રોસિગ પાસે મેટ્રો પ્રોજેક્ટમાં મજુરી કામ કરતા શ્રીરામ સુખદેવ મુખીયા (ઉ.વ.૨૮) (મુળ વતન. ગામ-સિકરિયા તા.મધેપુર જિ-મધુબરી બિહાર) તા.૧૩/૧૧/૨૦૨૧ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા રેલવે ક્રોસિગ પાસે મેટ્રોના પિલ્લર પર ક્રેઇનથી પિલ્લર ઉપર ગડર કાઢવાનું કામ કરતા હતા ત્યારે ગડરનો ધક્કો લાગતા પિલ્લર ઉપરથી નિચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સજુભાઇ નારણભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૦૭૮/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ રીધ્ધીબહેન અશોકજી ઠાકોર (ઉ.વ.૨૫) (રહે. મલાવ તળાવ ગુંજન પાર્ક સોસાયટી સામે કાચા છાપરામાં થલતેજ) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૧/૨૦૨૧ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે દુપટ્ટાનો ફાંસો બનાવી પોતાની જાતે દુપટ્ટાના બન્ને છેડા ખેચી ફાંસો ખાતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૧/૨૦૨૧ સવારના ૬/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશર શ્રી "ક" વિભાગ ચલાવે છે.

અમરાઇવાડીઃ રાજીવભાઇ રામપ્રકાશ શર્મા (ઉ.વ.૪૧) (રહે. ભારતીનગર ગલી નંબર-૬ રબારી કોલોની પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૧/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પતરાના છતની પાઇપમાં વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.